## કોઈ ગોરસ લ્યો

(ફિલ્મઃ મેના ગૂર્જરી)

ગોરસ લ્યો, કોઈ ગોરસ લ્યો...
હું રે મહીયારણ આવી, મીઠડાં ગોરસ લાવી.
હો જી રે કોઈ ગોરસ લ્યો, કોઈ ગોરસ લ્યો.
સૂરજની સવારી આવી, સોનેરી પરભાત લાવી,
પંખીડા બોલે ને મીઠી વાંસળીના સુર વાગે,
ગોકુળને મારગ, મારગડો રોકીને,
    કા'ન મહીં દાણ માગે...હોજી રે...
મોતીડે મઢેલ મારી, ઈંઢોણી પર હેલડી,
    લટકા મટકા કરતી હું તો જાણે ઢેલડી.
ચૌટે ને ચોકે હેલો મારતી,
    કોયલ જાણે ટહુકારતી...હોજી રે